શિક્ષણ વિભાગ હસ્તકના વર્ગ-૩ના કર્મચારીઓ (વિદ્યાસહાયક/ પ્રાથમિક/ માધ્યમિક શિક્ષકો) તથા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ હસ્તકના વર્ગ-૩/૪ના કર્મચારીઓની ખાસ કિસ્સામાં તબીબી કારણોસર આંતરિક/ જિલ્લા ફેરબદલી/ કક્ષાબદલીના હેતુ માટે તબીબી પ્રમાણપત્ર આપવા મેડીકલ બોર્ડની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક:- HFWD/MSM/e-file/7/2025/2687/J

સચિવાલય, ગાંધીનગર.

તા. ઇ-સાઇન મુજબ

વંચાણે લીધા:-

(૧) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૨/૧૧/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક:-ED/GMO/e-file/3/2022/1897/G-1

(3) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:- પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)

(૪) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો તા.૦૬/૧૦/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:- ગુરાવા/વહીવટ/છ-૨/૪૪૦૦

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ફાઇલ ક્રમાંક:- HFWD/MSM/e-file/7/2025/2687/J

<u>આમુખ :-</u>

ગુજરાત રાજ્ય ખાતે વંચાણે લીધેલ ક્રમ (૧) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૩ની જોગવાઇ અનુસાર અનુક્રમે - (૧) અમદાવાદ (૨) જામનગર (3) વડોદરા અને (૪) સુરત ખાતે હાલ તબીબી મંડળો કાર્યરત છે.

૨. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) તથા ક્રમ (3) પરના ઠરાવથી શિક્ષણ વિભાગના પ્રાથમિક/ માધ્યમિક શિક્ષકો/ વિદ્યા સહાયક/ મદદનીશ શિક્ષકોના અસાધ્ય અને ગંભીર બિમારીઓના કિસ્સામાં આંતરિક/જિલ્લા ફેરબદલી અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા તથા સુરેન્દ્રનગર જીલ્લાઓના કિસ્સામાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતેના સ્થાયી તબીબી પંચ ખાતે પરીક્ષણ કરવાની સૂચના હાલ અમલમાં છે.

૩. વંચાણે લીધેલ ક્રમાંક (૪) થી ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના વર્ગ ૩ અને ૪ના કર્મચારીઓ માટે કક્ષા બદલીના હેતુ માટે કાયમી ફિટ કે અનફીટ અંગેના તબીબી પ્રમાણપત્ર આપવા માટે નિગમ દ્વારા વિભાગને દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે.

૪. સ્થાયી તબીબી પંચ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા ઉપરોક્ત ફકરા ક્રમાંક ૨ માં દર્શાવેલ કામગીરી ને કારણે પંચનું કાર્યભારણ વધારે હોઈ આ કામગીરી અન્ય બોર્ડને કે જિલ્લા બોર્ડને સોંપવા સમયાંતરે રજૂઆત કરવામાં આવેલ છે. આથી, ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લઈને ફકરા ક્રમાંક ૨ માં દર્શાવેલ શિક્ષણ વિભાગ હસ્તકની કામગીરી તથા ફકરા ક્રમાંક ૩ માં દર્શાવ્યા મુજબની ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના વર્ગ ૩ અને ૪ના કર્મચારીઓ માટેની કામગીરી અર્થે જી.એમ.ઈ.આર.એસ. (GMERS) હોસ્પિટલ, સોલા, અમદાવાદ ખાતે એક નવીન સ્થાયી તબીબી પંચની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) તથા ક્રમ (3) પરના ઠરાવથી નિયત થયા મુજબની માત્ર અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા તથા સુરેન્દ્રનગર જીલ્લાઓના કર્મચારીઓના કિસાઓમાં તબીબી પરીક્ષણ કરીને પ્રમાણપત્ર આપવા તથા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના વર્ગ-૩/૪ના ફક્ત અમદાવાદ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર વિભાગોના કર્મચારીઓના કિસામાં કાયમી ફીટ/અનફીટ અંગેના તબીબી પ્રમાણપત્ર આપવાની કામગીરી માટે જી.એમ.ઈ.આર.એસ. (GMERS) હોસ્પિટલ, સોલા, અમદાવાદ ખાતે એક સિવિલ સર્જન અથવા મેડીસીનના સીનીયર પ્રોફેસરના અધ્યક્ષ સ્થાને ત્રણ વ્યક્તિઓના એક સ્થાયી તબીબી મંડળની આથી રચના કરવામાં આવે છે. આ તબીબી મંડળ સંદર્ભે નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

<u>સૂચનાઓ:</u>

(૧) જી.એમ.ઈ.આર.એસ. (GMERS) હોસ્પિટલ, સોલા, અમદાવાદ ખાતે એક સિવિલ સર્જન અથવા મેડીસીનના સીનીયર પ્રોફેસરના અધ્યક્ષ સ્થાને ત્રણ વ્યક્તિઓના એક સ્થાયી તબીબી મંડળની રચના કરવાની રહેશે, જેમાં સ્થાયી મેડીકલ બોર્ડના અધ્યક્ષ અને સભ્યોની સત્તાવાર નિમણૂંકના હુકમ જે તે મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના વડા તબીબી અધિક્ષકશ્રીએ કરવાના રહેશે.

(૨) આ તબીબી મંડળે શિક્ષણ વિભાગ હસ્તકના વર્ગ-૩ ના (પ્રાથમિક/માધ્યમિક/વિદ્યા સહાયક/મદદનીશ શિક્ષકો) કર્મચારીઓના કેસોમાં શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) ના ઠરાવની ક્રમ (૬) ની જોગવાઇ અનુસાર તથા વંચાણે લીધેલ ક્રમ (3)ના ઠરાવની પ્રકરણ "O" ની જોગવાઇ અનુસાર રાજ્યના માત્ર અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા તથા સુરેન્દ્રનગર જીલ્લાઓના તબીબી પરીક્ષણ કરીને યોગ્ય જણાય તેમ પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ જિલ્લાઓ સિવાયના જિલ્લાઓના કર્મચારીઓના કિસ્સામાં નજીકના સ્થાયી તબીબી પંચ દ્વારા તબીબી પ્રમાણપત્ર આપવાની શિક્ષણ વિભાગના ઠરાવથી હાલમાં અમલી સૂચનાઓ ચાલુ રહેશે.

(3) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં માટે કક્ષાબદલી માટે અમદાવાદ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર વિભાગોના વર્ગ-૩/૪ના કર્મચારીઓને કાયમી ફીટ/અનફીટ અંગેના કેસોમાં તબીબી પરીક્ષણ કરીને યોગ્ય જણાય તેમ પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ સિવાયના જિલ્લાઓના કર્મચારીઓના કિસ્સામાં સંબંધિત જિલ્લા તબીબી બોર્ડ દ્વારા તબીબી પરિક્ષણની કામગીરી કરવાની રહેશે.

(૪) આ સમિતિ GMERS હેઠળની હોસ્પિટલ ખાતે રચવામાં આવેલ હોઇ, સમિતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય પરત્વે કોઇ રજૂઆત, પ્રશ્નો કે કોર્ટ કેસ ઊભા થાય તે અંગે વિભાગ હસ્તકની GMERS ની સંબંધિત શાખાએ કામગીરી હાથ ધરવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. રા. ક. મંત્રીશ્રી (આરોગ્ય) (સ્વતંત્ર હવાલો)ની તા.૧૨/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિપુલ વસાવા)**

નાયબ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**નકલ રવાના:**

(૧) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, પ્રાથમિક, માધ્યમિક, અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, , સ્વર્ણિમ સંકુલ-૧, પ્રથમ માળ, ગાંધીનગર.

(૨) અંગત સચિવશ્રી, માન. રા.ક. મંત્રીશ્રી (આરોગ્ય)(સ્વતંત્ર હવાલો) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

(૩) અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી પ્રાથમિક, માધ્યમિક, અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) અગ્ર સચિવશ્રી (પ્રા.શિ/મા.શિ),ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) કમિશનરશ્રી (શહેરી/ગ્રામ્ય), આરોગ્ય તબીબી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કચેરી, રાણીપ, અમદાવાદ.

(૮) નાયબ સચિવશ્રી, ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રિસર્ચ સોસાયટી, સચિવાલય, ગાંધીનગર.

(૯) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી, શાળા કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૨) પ્રમુખશ્રી, સ્થાયી તબીબી પંચ, ઓપીડી બિલ્ડીંગ,પહેલો માળ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.

(૧૩) તબીબી અધિક્ષકશ્રી, ગુજરાત મેડીકલ એજ્યુકેશન અને રિસર્ચ સોસાયટી, મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, સોલા, અમદાવાદ.

(૧૪) સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, (વિભાગની વેબસાઇટ પર ઠરાવ અપલોડ કરવા સારૂ)

(૧૫) સિલેક્ટ ફાઇલ-૨૦૨૬